# ગૃહમાં શ્રેષ્ઠ યોગદાન બદલ ભુપેન્દ્રસિંહનું સન્માન કરાયું

## ૨૦૧૯ માટે વરિષ્ઠ ધારાસભ્ય મોહનસિંહ રાઠવા સન્માનિત



ગાંધીનગર,તા.૨૪

દેશ ની સંસદીય પ્રણાલીમાં જન પ્રતિનિધિ તરીકે ગૃહમાં શ્રેષ્ઠ યોગદાન આપનારા સભ્યોને શ્રેષ્ઠ સભ્ય તરીકે લોકસભા, રાજયસભા માં સન્માનવા ની પરંપરા છે. ભારતીય સંસદ ના બંને ગૃહોમાં અત્યાર સુધી કુલ ૨૩ સભ્યોને ઉત્કૃષ્ટ કામગીરી માટે એવોર્ડ આપવામાં આવેલા છે.ગુજરાત વિધાન સભાએ આ પ્રણાલીને અનુસરતા શ્રેષ્ઠ વિધાનસભ્ય ના એવોર્ડ આપવાની પ્રથા શરુ કરી છે. ગુજરાત વિધાનસભા માં ધારાસભ્ય તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા સભ્યોને એવોર્ડ આપવાની યોજનાની તા. ૨૮/૨/ ૨૦ ના રોજ જાહેરાત કરવામાં આવી હતી. તદનુસાર રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની વર્ષ ૨૦૨૦ માટે અને વર્ષ ૨૦૧૯ માટે વરિષ્ઠ ધારાસભ્ય મોહનસિંહ રાઠવાની પસંદગી કરવામાં આવી છે.ગુજરાત વિધાન સભા ના હાલ ચાલી રહેલા સત્ર ના ચોથા દિવસે આ બેય સભ્યો ને વિધાન સભા ગૃહ ના નેતા અને મુખ્યમંત્રી વિજય રૂપાણી વિધાન સભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી તેમજ વિધાન ગૃહ ના સભ્યો ની ઉપસ્થિતિ માં શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.મુખ્યમંત્રી વિજય રૂપાણી એ ગુજરાત વિધાન સભા માં આ નવિન પરંપરા શરૂ કરવા માટે વિધાન સભા અધ્યક્ષને અભિનંદન આપ્યા હતા.

મુખ્યમંત્રીએ આ અવસરે કહ્યું કે વિધાન સભા અને લોક સભા એ દેશની લોકશાહી ના મૂલ્યો ના જતન અને તેને સાચવવા સંવર્ધન માટે ના સવોર્ચ કેન્દ્રો છે તેને લોકશાહી ના મંદિર કહેવાયા છે ત્યારે એ મંદિર માં બેસનારા સૌ નું વર્તન વિચાર વાણી પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની સક્રિયતા એવા હોય કે એ બધા માટે માર્ગદર્શક અને પ્રેરણા રૂપ બને. વિજય રૂપાણી એ ગુજરાત વિધાન સભા માં શરુ થયેલી આ પ્રણાલી

આવનારા દિવસોમાં વધુ ઉજ્જ્વળ બનશે તેમજ પ્રજાના પ્રતિનિધિઓ માટે એક નવી પરિપાટી ઊભી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ પોતાના રાજ્ય સભાના સભ્ય તરીકેના કાર્યકાળ નું સ્મરણ કરતાં કહ્યું કે સારા સાંસદ કે વિધાયક બનવા માટે સારા શ્રોતા અને ગૃહમાં નિયમિત હાજરી, અવલોકન શક્તિ આવશ્યક છે. આવા સભ્ય જ્યારે કોઈ રજૂઆત કરે કે ચર્ચાને અંતે સહભાગી થાય ત્યારે સચોટતા અને બારીકાઇ થી રજૂઆત કરતા હોય છે.આ સંદર્ભમાં મુખ્ય મંત્રીએ પ્રજાના સૌ પ્રતિનિધિઓ, ગૃહના સભ્યોને આ માર્ગે અનુસરવા અપીલ પણ કરી હતી. તેમણે આ બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ એ ગુજરાત વિધાનસભાનું અને ઉચ્ચ લોકશાહી મૂલ્યોનું ગૌરવ દેશભરમાં વધારશે એવી શ્રદ્ધા દર્શાવી હતી.

# શહેરના પૂર્વ વિભાગ અને પશ્ચિમ વિભાગના માર્ગોની સફાઈ માટે એલ.૩ને કામ આપવાની ભલામણ

## સ્થાયી સમિતિને ભલામણ મોકલાતાં નવો વિવાદ ઉભો થયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકામાં પૂર્વ વિભાગ અને પશ્ચિમ વિભાગના માર્ગોની સફાઈનું કામ એલ.૩ આવેલ એજન્સીને આપવાની દિશામાં મનપાનું તંત્ર આગળ વધી રહ્યાની વાતોએ પાટનગરના રાજકીય વર્તુળોમાં ગરમાવો લાવી દીધો છે.

સામાન્યતઃ એલ-૧ની પસંદગી ટેન્ડર પ્રક્રિયા દ્વારા થતી હોય છે તે ના પાડે પછી એલ-૨ ને પસંદગી આપવાની વિચારણા કરવામાં આવે અને તેમાં જરૂર પડ્યે નેગોશિયેશન પણ કરવામાં આવતુ હોય છે.

જો કે મનપા દ્વારા આવી કોઈજ પણ પ્રકારની પદ્ધતિને અનુસર્યા સિવાય સીધી જ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિને દરખાસ્ત મોકલવામાં આવી હોવાની વાતને લઈ આ ગરમાવો રાજકીય વર્તુળોમાં ઉભો થયો છે.

શહેરમાં મનપા પાસે સફાઈ સિવાય હાલ કોઈ સેવા આપવામાં આવી નથી અને સેવામાં પણ સતત વિવાદોએ ગાંધીનગર મનપાની ઈમેજને ખરડાવી છે. તેમાંય આ નવો વિવાદ ઉમેરાયો હોવાથી મનપાની હવે પછી મળનારી સ્થાયી સમિતિમાં શુ નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. શહેરમાં માર્ગોની સફાઈનો મુદ્દો છેલ્લા ઘણા બધા સમયથી વિવાદિત રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેનું અંતર સતત વધી રહ્યુ છે ત્યારે આ નવા વિવાદ બાદ હવે અંતર વધુ વધશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવુ છે.

આ માર્ગોની સફાઈ માટે મનપાનું તંત્ર ૩૪ લાખથી વધુની રકમ પ્રતિમાસ ચુકવશે તેવી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરાશે અને તે માટેનો નિર્ણય લેવામાં આવ્યો. એલ-૩ ને કામ આપવાની ભલામણ વહીવટીય પાંખ દ્વારા કરવામાં આવી હોવાની વાતોએ વિવાદમાં ઈંધણનું કામ કર્યુ હોવાનું પણ આ વર્તુળો કહી રહ્યા છે.

# ખેડૂતોના પેકેજમાં ગાંધીનગરને સમાવો : મંગુબેન પટેલ

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલે રાજ્યના મુખ્યમંત્રીને લખેલા એક પત્રમાં ખેડૂત સહાય પેકેજમાં ગાંધીનગરનો સમાવેશ કરવા માટેની માંગ કરી છે.

મુખ્યમંત્રીને લખેલા પત્રમાં શ્રીમતિ મંગુબેન પટેલે જણાવ્યુ છે કે જિલ્લામાં થયેલા વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકશાન વ્યાપક પ્રમાણમાં થયુ છે. આપે રાજ્ય વિધાનસભામાં ખેડૂતો માટેના જાહેર કરેલ પેકેજમાં ગાંધીનગરનો સમાવેશ નહિ કરાયો હોવાનું જણાયુ છે તેથી આ પત્ર દ્વારા ગાંધીનગરનો સમાવેશ કરવા ખેડૂતો વતી માંગ કરૂ છુ.

# શહેરમાં વધુ ૨૦ કેસ : કુલ ૧૨૦૦ને પાર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે સતત બીજા દિવસે પણ સૌથી વધુ કહેર સે. ૩ માં જોવા મળ્યો છે. સે. ૩ માં આજે પણ પાંચ કેસ નોંધાયા છે. જેમાં ૪ કેસ ૩-ન્યુમાં નોંધાયા છે તો એક કેસ સે. ૩ માં નોંધાયો છે.

શહેરમાં આજે વધુ ૨૦ કેસ

### સે. 3-એ-ન્યુ માં આજે ૪ કેસ અને સે. 3 માં ૧ કેસ

નોંધાતા કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૨૦૭ થઈ છે આમ કોરોનાના કેસો ૧૨૦૦ના આંકને પાર કરતાં જ તંત્ર ચિંતાતુર બની ગયુ છે. શહેરમાં કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશી ચુક્યો હોવાની શંકા વધુ ને વધુ દૃઢ થઈ રહી છે.

સે. ૩-એ-ન્યુ માં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં આઈ.ટી. કંપની થલતેજ ખાતે નોકરી કરતા ૪૯ વર્ષીય પુરૂષ, ૬૫ વર્ષીય પુરૂષ, યસ બેંકમાં વાઈસ પ્રેસીડેન્ટ તરીકે સેવારત ૩૬ વર્ષીય પુરૂષ અને ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત સે. ૩ માંથી એક ફિલ્મ કંપની સાથે સંકળાયેલ ૩૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સે. ૨૫ માંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૩ વર્ષીય ગૃહીણી તેમજ ગાંધીનગર સિવિલમાં ઓ.ટી. સ્ટાફમાં ફરજ બજાવતી ૩૦ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ બન્ને મહિલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૬ માંથી એક ૨૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકામાં આસિ. સુપરવાઈઝર તરીકે ફરજો બજાવતા ૨૧ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૯ કેસ

## ખાનગી નોકરીયાતો આજે વધુ કોરોનાની ઝપટે ચડ્યા
## ૧૦ દર્દીઓએ આજે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના આજે વધુ ૧૯ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણને નાથવા માટે તંત્ર દ્વારા વધુ એક આક્રમક વ્યુહરચનાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી નિર્દેશો મળી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાંથી ૧૧, દહેગામમાંથી ૨, માણસામાંથી ૨ અને કલોલમાંથી ૪ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેસનનો વિકલ્પ વધુ ને વધુ દર્દીઓ પસંદ કરી રહ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં પણ વધુ ૧૦ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલ દર્દીઓમાં ખાનગી નોકરીયાતો વધુ કોરોનાની ઝપટે ચડ્યા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૮ વર્ષીય ગૃહીણી તેમજ ખાનગી નોકરી કરતા ૫૫ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

અડાલજમાંથી આજે ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ભાટ ગામમાં કોરોનાએ પુનઃ તેની હાજરી પુરાવી છે. આજે બે કેસ આ ગામેથી મળી આવ્યા છે. જેમાં ૨૧ વર્ષીય યુવાન તેમજ ૨૭ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણ ગામેથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૬ વર્ષીય મહિલા અને ૪૨ વર્ષીય પુરૂષના રિપોર્ટ પોઝીટીવ જણાયા છે. આ બન્ને દર્દીઓએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ઝુંડાલમાં મેડીકલ કાઉન્સીલર તરીકે સેવાઓ આપતા ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઉનાવા ગામે પણ વધુ એક વખત કોરોનાએ હાજરી પુરાવી છે. આજે ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

# બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલના પિતાનુ અવસાન

## મહેશકુમાર રાવલનુ ટુંકી માંદગી બાદ ૭૯ વર્ષની વયે અવસાન થતા બ્રહ્મસમાજમાં શોકની લાગણી

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ અને ગુજરાત હાઈકોર્ટના જાણીતા વકીલ પિનાકીન રાવલના પિતા મહેશકુમાર મણીલાલ રાવલનુ ટુંકી માંદગીના અંતે ૭૯ વર્ષની વયે અવસાન થયુ છે.



**મહેશકુમાર મણીલાલ રાવલે પાલજ પ્રાથમિક શાળામાં શિક્ષક અને સે-૨૯ શાળામાં આચાર્ય તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી હતી**

આજે સાંજે સદગતની અંતિમયાત્રામાં પણ વકીલમિત્રો સહીત સમાજના અગ્રણીઓ જોડાયા હતા. તેમના અવસાનથી બ્રહ્મસમાજ સહીત વકીલ આલમ તેમજ સમાજના અગ્રણીઓએ પણ શોકની લાગણી વ્યકત કરી છે. કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી બેસણુ રાખવામાં આવ્યુ નથી.

ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ અને હાઈકોર્ટના વકીલ પિનાકીન રાવલના પિતા મહેશકુમાર માણેકલાલ રાવલનુ ટુંકી માંદગીના અંતે ૭૯ વર્ષની વયે દુખદ અવસાન થયુ છે. મહેશકુમાર રાવલે શિક્ષણ ક્ષેત્રે સમાજને આગવુ યોગદાન પુરુ પાડયુ હતુ. પાલજ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવ્યા બાદ તેમણે સે-૨૯ પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે સેવા આપી હતી. છેલ્લા કેટલાક સમયથી તેમની તબિયત નાદુરસ્ત રહેતા તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયારે એક મહીનાની સારવાર બાદ આજે બપોરે તેમનુ અવસાન થયુ હતુ સદગતની અંતિમ યાત્રા સાંજે ૬ કલાકે તેમના નિવાસ સ્થાનેથી નિકળી હતી જેમાં ગાંધીનગર અમદાવાદના વકીલો સહીત સમાજના અગ્રણીઓ જોડાયા હતા. તેમના અવસાનથી પરિવારમાં તેમના પત્ની કોકીલાબેન રાવલ ,પુત્ર પિનાકીન રાવલ ઉપરાંત બે દીકરી રૂપલબેન અને સોનલબેન ઘેરા શોક અને દુખની લાગણી અનુભવી રહ્યા છે.

ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહાએ સદગત મહેશભાઈ રાવલને અંજલિ આપતા જણાવ્યું હતું કે, આજીવન શિક્ષક મહેશભાઈની કર્તવ્ય નિષ્ઠા સમાજ માટે પ્રેરક બની રહેશે.

ગાંધીનગર બ્રહ્મસમાજે પણ સમાજના અગ્રણી ગુમાવ્યા હોવાની લાગણી સાથે ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. કોરોનાની મહામારીને ધ્યાને લઈ સદગતનુ બેસણુ રાખવામાં આવ્યુ નથી.

# ઉત્તર ગુજરાતના રૂટમાં જવા માટે ડેપોમાં સાંજના સમયે મુસાફરોની ભીડ

## સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે બસમાં ૩૦ ટકા મુસાફરોને જ સ્થાન : મુસાફરોની સંખ્યા સામે વધુ બસો દોડાવવા માટે પણ જરૂરિયાત : વિજાપુર, માણસા તરફ જનારા મુસાફરોની સંખ્યા વિશેષ

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં કોરોના કાળના પ્રારંભિક લોકડાઉન બાદ હાલ તમામ રૂટોમાં બસો દોડતી થઈ ગઈ છે. જયારે થોડા સમય અગાઉ વોલ્વો બસ સેવા પણ રૂટમાં શરૂ કરી દેવામાં આવી છે. એકબાજુ એસ ટી નિગમને થતી આવકમાં પણ ૫૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે. ત્યારે બીજીતરફ સાંજના સમયે એસ ટી ડેપોમાં વિજાપુર માણસા સહીતના રૂટમાં જવા માટે મુસાફરોની ભીડ જોવા મળે છે. સોશિયલ ડિસ્ટન્સીંગનુ પાલન કરવાની સાથે બસમાં માત્ર ૩૦ જેટલા મુસાફરોને જ સ્થાન મળે છે. આવા સંજોગોમાં સાંજના ટ્રાફિકને નિવારવા માટે આ રૂટમાં વધુ બસો દોડવાય તેવી અનિવાર્યતા ઉભી થઈ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં તમામ રૂટોમાં બસો દોડાવાનુ શરૂ કરી દેવાયુ છે. થોડા સમય અગાઉ બહારના રૂટમાં વોલ્વો બસ પણ શરૂ કરી દેવામાં આવી છે. લોકડાઉનના અંતે શરૂ થયેલી બસ સેવા બાદ પણ હજુ એસ ટી બસના પૈડા પાટે ચઢયા નથી. લોકડાઉન પુર્વે એસ ટી નિગમને રોજ ૫.૫૦ લાખની આવક થતી હતી જયારે હાલ આ આવકમાં પણ ૫૦ ટકાનો ઘટાડો થયો છે. બીજીતરફ તબક્કાવાર બધી બસો પણ રૂટમાં દોડતી થઈ ગઈ છે. પ્રારંભિક તબક્કામાં પોઈન્ટ બસ સેવા શરૂ કરાયા બાદ શહેરી બસ સેવા તેમજ ઉત્તર ગુજરાતના રૂટની બસો પણ શરૂ કરવામાં આવી હતી જયારે ત્યારબાદ સૌરાષ્ટ્ર સહીત બહારગામના રૂટોની બસો પણ દોડતી થઈ ગઈ છે. થોડા સમય અગાઉ વોલ્વો બસ પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે કોરોનાના સંક્રમણથી બચવા માટે એસ ટી નિગમ દ્વારા બસમાં બેસતા મુસાફરો પુરતા નિયમોનુ પાલન કરે તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત બસમાં સોશિયલ ડિસ્ટન્સીંગનુ પાલન થાય તે માટે ૩૦ ટકા મુસાફરોને જ બેઠક આપવામાં આવે છે. બસમાં ઉભા ઉભા મુસાફરી કરવા પર પણ પ્રતિબંધ છે ત્યારે કેટલાક સંજોગોમાં એસ ટી તંત્રએ પણ પરિસ્થિતિને કાબુમાં લેવાનુ મુશ્કેલ બને છે. સાંજના સમયે મુસાફરોની સંખ્યા વધતા ડેપોમાં પણ ભીડ થાય છે. હાલ ગાંધીનગર ડેપોમાં સાંજે વિજાપુર માણસા તરફ જવા માટે પણ મુસાફરોની સંખ્યા વિશેષ જોવા મળે છે. આવા સંજોગોમાં બસમાં નિયત સંખ્યામાં જ મુસાફરો બેસાડવાના હોવાથી સ્થિતિ સંભાળવાનુ તેમજ મુસાફરોને નિયત રૂટ માટે બસ સેવા ઉપલબ્ધ કરાવાનુ પણ મુશ્કેલ બને છે. ત્યારે સોશિયલ ડિસ્ટન્સીંગના અમલ વચ્ચે એસ ટી તંત્ર માટે નવી સમસ્યા ઉભી થઈ છે. આવા સંજોગોમાં સાંજના સમયે વિવિધ રૂટોમાં દોડતી બસનુ ટાઈમ ટેબલ પણ યોગ્ય કરવા માટેની અનિવાર્યતા ઉભી થઈ છે. અલબત્ત સાંજે ડેપો સંકુલમાં વધતા ટ્રાફિકને અનુલક્ષી ડેપો માટે શિરદર્દની સ્થિતિ સર્જાય છે.

### તંત્રએ ખાલી જગ્યાનો ચિતાર રજુ કર્યો

# હવે ટુંકમાં નવા આવાસો માટે સાઈટ નક્કી થશે

## સેકટરોમાં જુના અને જર્જરિત મકાનો તોડવાની સાથે જગ્યા ખુલ્લી થયા બાદ હજુ નવા આવાસો બાંધવા માટે ટુંકમાં આખરી આયોજન કરાશે

ગાંધીનગર તા ૨૪

શહેરના સેકટરોમાં એકબાજુ જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા માટે અગાઉ સર્વે પણ હાથ ધરાયો હતો જયારે જુના આવાસોને તોડીને તેના સ્થાને નવા અને સુવિધાયુકત આવાસો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. તંત્રએ આ મામલે ખાલી જગ્યાનો ચિતાર પણ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજુ કરી દીધો છે. ટુંકમાં જ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી પણ કરાશે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત રહેણાંકના જુદી જુદી કેટેગરીના મકાનો જોખમી હાલતમાં છે. છેલ્લા ઘણાં સમયથી જોખમી આવાસોના સર્વેના અંતે મકાનો તોડવાનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરના સે-૬માં પણ થોડા સમય અગાઉ જોખમી બ્લાકે કડડભુસ થઈને નીચે પડયો હતો જયારે હાલ પણ સેકટરોમાં સ્થિત જોખમી મકાનો ખાલી કરાવવા સહીત તોડવાની કામગીરી પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. સેકટરોમાં સ્થિત જુના અને કંગાળ આવાસો તોડીને જગ્યા ખુલ્લી થતા નવા આવાસોનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. અગાઉ સે-૭ , સે-૬ સે-૨૯ અને સે-૩૦ માં નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે હાલ સે-૬ માં પણ બી અને સી કક્ષાના નવા આવાસો તૈયાર થઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ

અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com